# કમુબહેન

**ડૉ. જયંત મહેતા- MD**

(સમાજના સંવેદનશીલ પ્રશ્નો, ગંભીર લેખો દ્વારા ચર્ચવાને બદલે વાર્તારુપે રજુ કરવાની 'ગુંજનની' પ્રણાલીકા મને ગહુ ગમે છે.-લેખક)

કમુબહેન માટે આજનો દીવસ કંઈ જુદો જ હતો. કંઈક વીશેષ હતો. નવા પાટા ઉપર એમની જીંદગી આજે ચડવાની હતી. અરીસા સામે ઉભાંઉભાં એ પોતાની જાતનું નીરીક્ષણ કરી રહ્યાં હતાં. થોડો ગભરાટ થતો હતો. થોડી મુંઝવણ થતી હતી. બધું ગુંચવાડા જેવું લાગતું હતું. પરંતુ અંદરખાને એક પ્રકારની આનંદની ઉર્મીઓ પણ ઉછળતી હતી.

હવે તો શીરસ્તો પડી ગયો છે કે સંતાનો અમેરીકા હોય એટલે રીટાયર્ડ થઈને માબાપો પણ આવે જ છે. કમળાબહેન અને પતી રમણભાઈ પણ એ રીતે જ પોતાના બન્ને દીકરાઓને મળવા અને બને એટલું અમેરીકા જોઈ લેવા આવેલાં. અમદાવાદનું ઘર બંધ કરી દીધેલું. છ મહીના માટે આવેલાં. ગમી જાય અને ફાવી જાય તો પછી ગ્રીનકાર્ડની વાત આગળ ચાલે.

કમળાબહેનની ઉંમર હશે ૫૨-૫૪ વર્ષ અને રમણભાઈ હશે ૫૫-૫૮ જેટલા.

મોટો દીકરો સુધીર અને તેની પત્ની એક નાનો સ્ટોર ચલાવતાં. આવક ઠીક ઠીક હતી. કમુબહેન અને રમણભાઈનાં શરુઆતનાં બે અઠવાડીયાં તો સારાં ગયાં. રમણભાઈ સુધીરના સ્ટોરમાં જતા અને વસ્તુઓ આઘીપાછી ગોઠવવામાં મદદ કરતા.એકાદ મહીનો વીત્યો હશે ત્યાં રમણભાઈનું માથું બહુ જ દુખવા માંડ્યું.

" વાંધો નહીં પપ્પા, આ બે ટાયનેનોલ લઈ લો... સારું થઈ જશે." દીકરા સુધીરે બે ગોળીઓ અને પાણી આપ્યું.અઠવાડીયા સુધી ગોળીઓ લીધા કરી પણ કંઈ ફેર પડ્યો નહીં. દુખાવો અસહ્ય બનતો ગયો.

"બેટા, તારા બાપુજીને કોઈ ડૉક્ટર પાસે લઈ જા...નહીતર નહીં મટે."

"બા, આ અમેરીકા છે. વીમા વગર ડૉક્ટરો હાથ પણ ના મુકે. ૨૦૦-૪૦૦ ડૉલર થઈ જાય. હમણાં હવે એવી સગવડ પણ મારી પાસે ક્યાં છે? એ તો મટી જશે."

બે દીવસ પછી છેવટે એક દેશી ડૉક્ટરની ઓળખાણ કાઢી અને એને ત્યાં લઈ ગયા. ડૉક્ટરે રમણભાઈને તપાસ્યા.

ડૉક્ટરે કહ્યું," હાઈ બ્લડ પ્રેશર છે. તાત્કાલીક દવા શરુ કરો અને થોડા ટેસ્ટ પણ કરાવી લો...વીલંબ કરવા જેવો નથી." ડૉક્ટરે પોતાની ફી લીધી નહીં. ઉપરથી થોડી સેમ્પલની દવાઓ આપી.

ટેસ્ટ કરાવ્યાનો ખર્ચ ૨૫૦ ડૉલર જેટલો થઈ ગયો. બ્રેઈન-સ્કેન કરાવવાનું તો હજી બાકી હતું.

PDF created with pdfFactory trial version www.pdffactory.com

આ બાબતમાં રાત્રે સુધીરભાઈ અને એમના પત્ની વચ્ચે ઝગડો થઈ ગયો. પત્નીનો આગ્રહ હતો કે બાબાપુજીને હવે વહેલી તકે દેશ ભેગાં કરી દેવાં એ જ વ્યવહારુ પગલું છે. વીમા વગર આ ખરચા પોષાય નહીં.

દીકરા-વહુ વચ્ચેની આ તંગદીલીની વાસ કમળાબહેનને આવી ગઈ. અહીંનાં દવાદારુ અને દાક્તરી સારવાર આટલાં ખર્ચાળ હશે એનો એમને ખ્યાલ નહોતો.

“બેટા, તારા બાપુજીને કંઈ વધારે થાય તે પહેલાં અમે અહીંથી દેશભેગાં થઈ જઈએ એવું કર. અમારે પણ તમને બોજારુપ નથી થવું.”

નીર્ણય લેવાયો કે આવતે મહીને હવે બાબાપુજીને ભારત મોકલી દેવાં. એ રીતનું રીઝર્વેશન પણ કરાવી નાખ્યું. ઘરમાં હવે શાંતી છવાઈ.

બેત્રણ દીવસ વીત્યા ત્યાં અચાનક રમણભાઈના માથાનો દુખાવો ખુબ વધી ગયો...અડધા કલાકમાં એમનો જમણો હાથ જુઠ્ઠો પડી ગયો. બ્લડપ્રેશર વધી ગયું. બીજા અડધા કલાકમાં ડાબો હાથ પણ જુઠ્ઠો પડી ગયો. ઈમર્જન્સીમાં લઈ ગયા...

“લકવો...મગજમાં લોહીની ગાંઠ બંધાઈ ગઈ છે.” ડૉક્ટરે નીદાન કર્યું.

પતીના આ સમાચાર સાંભળીને કમળાબહેનને માથે વીજળી પડી. સુધીરભાઈ પણ ગભરાઈ ગયા. હવે? આ તો સાવ જ અણધારી આફત આવી પડી!

વીમા વગર રમણભાઈને પુરતી સારવાર મળવી મુશ્કેલ થઈ ગઈ. હૉસ્પીટલમાં થોડા દીવસ રાખી એમને કસરત વગેરેની ટ્રીટમેન્ટ મળવી જોઈએ
તેવું કશું શક્ય બન્યું નહીં.

દીવસે દીવસે રમણભાઈની હાલત કથળતી ગઈ. પથારીમાં જ ઝાડા અને પીશાબ થઈ જતા. સુધીરભાઈ અને એમનાં પત્ની તો સવારથી જ પોતાના સ્ટોરમાં ચાલ્યાં જતાં. રમણભાઈની બધી જ સેવા કમળાબહેનના શીરે જ આવી પડી. કમર કસીને બધું કરતા તો ખરાં પણ હવે એમની પણ ઉમ્મર તો થઈ હતી. રમણભાઈને એકલે હાથે પથારીમાંથી ઉભા કરવા, બાથરુમ સુધી લઈ જવા, નવરાવવા, સાફસુફ રાખવા... આ બધું કરવા જેટલી તાકાત એમના શરીરમાં નહોતી.

નાનો દીકરો વીસેક માઈલ દુર રહેતો હતો. એણે તો સ્પષ્ટ જણાવી દીધું કે અમે બંને નોકરી કરીએ છીએ. અમારાં બે નાનાં બાળકો છે. એટલે અમે કોઈ રીતે મદદરુપ થઈ શકીએ એમ નથી. ઉપરથી સલાહ આપી કે દેશમાં ચાલ્યા જાઓ એ જ સારું છે. અમે અમારાથી બનતો ખર્ચ મોકલતા રહીશું. “માતાપીતાનું ઋણ”; “માબાપની સેવા”; “માબાપને ભુલશો નહીં”; “ભારતીય સંસ્કૃતીનો વારસો”...આ બધા પરોપદેશના શબ્દો જીંદગીની વાસ્તવીકતામાં ક્યાંય ઓગળી ગયા.

દીવસે દીવસે, દીકરા અને વહુનો માબાપ પ્રત્યેનો પ્રેમ ઘટવા લાગ્યો. માબાપ હવે ત્રાસરુપ બની ગયાં હતાં. કમળાબહેન તો બાથરુમમાં જઈને રડી લેતાં. માણસનું મન

PDF created with pdfFactory trial version www.pdffactory.com

કેટલુંક સહન કરી શકે! આ હાલતમાં એમને પ્લેનમાં બેસાડીને દેશમાં પણ કેવી રીતે લઈ જવા! કુદરતે આ કેવી જાળમાં અમને ફસાવી દીધાં! અમે તો ક્યાંયનાં ના રહ્યાં!

ચોવીસે કલાક રમણભાઈની સેવામાં ખડે પગે રહીને કમળાબહેનનું શરીર થાકી જતું. મન પણ તુટી પડતું.

એક દીવસ ગભરાતાં ગભરાતાં કમળાબહેને દીકરા સુધીરને કહ્યું, " બેટા, તારા બાપુજીની તબીયત તો વધારે ને વધારે બગડતી જાય છે. પથારીમાં જ બધું કરે છે. હું એકલી થાકી જાઉં છું. કોઈ નર્સીંગ હોમમાં સગવડ થાય તો કર. અથવા થોડા કલાક નર્સ મળે તો જો. છેવટે, આપણે જે મંદીરમાં જઈએ છીએ એ મંદીરવાળા આ રીતની કટોકટીના સમયમાં મદદનો હાથ નહીં લંબાવે?"

સુધીરભાઈ બા પર ઉકળી ગયા. " બા, આ અમેરીકા છે અમેરીકા. નર્સીંગ હોમનો ખર્ચ મહીને બે હજારથી ઉપર આવે. મારી પાસે એટલા પૈસા છે જ ક્યાં? મને તો એમ થાય છે કે તમે લોકો અહીં આવ્યાં જ ન હોત તો સારું થાત."

"બેટા, તો હવે ગમે તેમ કરીને અમને દેશમાં પહોંચાડી દે."

"એમાં પણ મુશ્કેલી છે. બાપુજી લગભગ બેભાન જેવા રહે છે. બધું જ પથારીમાં કરે છે. આ હાલતમાં એમને પ્લેનમાં કેવી રીતે લઈ જવાશે? બા, હું મુંઝાઈ ગયો છું."

આખા ઘરની પરીસ્થીતી બગડતી જતી હતી. બધાને માથે માનસીક તનાવ, સ્ટ્રેસ વધતો જતો હતો.

કમળાબહેન તો બધી રીતે તુટવા માંડ્યાં હતાં. કુટુંબની લાગણી, પ્રેમ, આટલાં વર્ષોનો સંસાર... આ બધામાં તરાડો પડતી એમને દેખાતી હતી અને દુખી થતાં હતાં. પૈસા સીવાય સંસ્કાર નથી?

એક બપોરે કમળાબહેન રમણભાઈને પથારીમાં સ્પંજ-બાથ આપી રહ્યાં હતાં. જેમ તેમ રમણભાઈને પથારીમાં બેઠા કરેલા. અચાનક રમણભાઈના હાથ-પગ ધ્રુજવા લાગ્યા. નસો ખેંચાઈ ને તાણ આવતી હોય એવું લાગ્યું અને એ એકદમ જ પથારીમાંથી ઢળીને નીચે પડી ગયા. કમળાબહેન ફફડી ઉઠ્યાં. રમણભાઈને ઉંચકીને પાછા પથારીમાં મુકવા તેમણે બહુ પ્રયત્ન કર્યા. પણ એકલે હાથે તેઓ એમને ઉઠાવી શક્યાં નહીં. હવે શું કરવું? બહુ ગભરાયાં. કોઈ રસ્તો દેખાતો નહોતો. સ્ટોર પર દીકરાને ફોન કરવો? એ ખીજાતો ખીજાતો આવશે અને એને આવતાં કેટલી વાર લાગે કોને ખબર?

એકાએક એમને કાંઈક સુઝ્યું અને બારણું ખોલી બહાર દોડ્યાં. પડોશીનું બારણું ખખડાવ્યું. સાઠેક વરસની ઉંમરના મીસ્ટર જોન્સન બહાર આવ્યા. કમળાબહેનનો ગભરાટ જોઈ એમને ખ્યાલ આવી ગયો હતો કે, કાંઈક ગંભીર બીના છે. ભાંગી તુટી અંગ્રેજીમાં કમળાબહેને એમની પરીસ્થીતી સમજાવી અને ઘરમાં આવવા જણાવ્યું.

PDF created with pdfFactory trial version www.pdffactory.com

મી. જોન્સને રમણભાઈને ઉંચકીને પથારીમાં સુવાડ્યા. તાત્કાલીક સારવાર આપી. સ્પંજ-બાથ પુરું કરવામાં મદદ કરી. એકાદ કલાક પછી એ ઘરે જવા બહાર નીકળ્યા.

"માય નેમ ઈઝ ચાર્લી.. પ્લીઝ, ફીલ ફ્રી ટુ કોલ મી ફોર એની હેલ્પ." અજાણ્યા માણસના ચહેરા પર મૈત્રીનું સ્મીત જોઈ કમળાબહેનને આનંદાશ્ચર્ય થયું.

ભારતીય રીવાજ પ્રમાણે કમળાબહેને ચાર્લીને ચા-કૉફી કે કંઈક લેવા કહ્યું. પણ એમણે વીનયપુર્વક ના પાડી. કમળાબહેનની આંખમાં આભારનાં આંસુ આવી ગયાં.

બીજા દીવસે એક ઈલેક્ટ્રીક બેડ, પથારીની બાજુમાં મુકી શકાય એવી સંડાસની ખાસ ખુરસી અને પથારીવશ દરદીની સેવામાં મદદરુપ થાય એવાં સાધનો કમળાબહેનના ઘરમાં આવી ગયાં.

ચાર્લીએ ચર્ચમાં એની વાત કરી હતી એટલે જેમના ઘરમાં પોતાના સંબંધીની સારવાર પછી બીનજરુરી લાગતાં સાધનો પડ્યાં હતાં તે બધાએ આપવા માંડ્યાં હતાં. પોતાની જ નાની ગાડીમાં મુકી જતા હતા.. અને તે પણ સહેજેય ઉપકારની ભાવના સીવાય! કમળાબહેન આ ઉદારતાથી ગદગદીત થઈ જતાં. રમણભાઈની સારવાર કરવામાં હવે તેમને બહુ સરળતા થઈ. ચર્ચમાંથી દર અઠવાડીએ એક-બે બહેનો પણ થોડા કલાક માટે આવતી. કમળાબહેનને મદદ કરતી અને આશ્વાસન આપી એમને ભાંગી પડતાં અટકાવતી.

ખ્રીસ્તી સમાજની આ ભલાઈનો કમળાબહેનને પહેલી વાર અનુભવ થઈ રહ્યો હતો. "ગોરીયા", "કાળીયા" અને બીજા "અમેરીકનો" વીશે આજ સુધી એમના મગજમાં બંધાયેલી ગાંઠો ઓગળવા માંડી. પોતાના ધર્મના સંસ્કારનો નશો એમને ફોતરાં જેવો વ્યર્થ લાગવા માંડ્યો.

કશી પણ મહેનત કે ખર્ચ વીના મળી આવેલી આ મદદથી સુધીરભાઈ તો મનોમન ખુશ હતા. મદદ ક્યાંથી અને કેવી રીતે આવે છે એની એમને પડી નહોતી.

મી. જોન્સન અવારનવાર કમળાબહેનની ખબર કાઢતા. "કમળા" બોલતાં ફાવતું નહોતું એટલે "કમુ" કહીને સંબોધતા. ચાર્લીએ પોતાની સંસ્થા દ્વારા રમણભાઈને મેડીકલની મદદ મળે તથા ગ્રીનકાર્ડ મળે તે માટે પોતાનાથી બનતા બધા પ્રયત્નો શરુ કરી દીધા હતા.

કમળાબહેનની અથાગ મહેનત અને શક્ય તેબધી દવાદારુનો બંદોબસ્ત થયા છતાં રમણભાઈની તબીયતમાં કોઈ સુધારો દેખાતો નહોતો. છેલ્લા બે-ચાર દીવસથી તો એમને ન્યુમોનીયા પણ થઈ ગયો હતો. કમળાબહેનની સાથે ચાર્લી પણ રમણભાઈની સેવામાં મદદે રહેતો.

રમણભાઈને સરકારી હૉસ્પીટલમાં દાખલ કર્યા. એમનું શરીર બહુ ક્ષીણ થઈ ગયું હતું. કોઈ ટ્રીટમેન્ટને ગણકારતું નહોતું. અંતે... એક રાત્રે એ ચાલ્યા ગયા. કમળાબહેન ખુબ રડ્યાં.

PDF created with pdfFactory trial version www.pdffactory.com

થોડા દીવસનો શોક પાળીને કમળાબહેન ભારત જવા તૈયાર થયાં. એરપોર્ટ પર સુધીરભાઈની સાથે ચાર્લી અને ચર્ચના બે-ત્રણ સભ્યો પણ આવ્યા હતા.

"કમુ, યુ વીલ બી લોનલી ઈન ઈન્ડીયા નાઉ..." ચાર્લીએ કહ્યું. કમળાબહેને મુંગે મોઢે આંસુ લુછ્યાં.

"બા, હવે તો તારા ગ્રીનકાર્ડનું એપ્રુવલ પણ થોડા વખતમાં આવી જશે. પછી તું..." સુધીરભાઈ વાક્ય પુરું કરે તે પહેલાં જ એમનાં પત્ની બોલી ઉઠ્યાં, "હા.. બા, તમને ત્યાં ગ્રીનકાર્ડ મળે એટલે તરત પાછાં આવીને અમારી જોડે રહેજો. તમને એકલું એકલું નહીં લાગે. તમારું જ ઘર છેને?"

કમળાબહેન અમદાવાદ પહોંચ્યાં. જુનું ઘર ખોલતાં એમના હાથ ધ્રુજી ગયા. રમણભાઈના પેન્શનમાં રોટલો તો નીકળશે; પણ માનસીક અશાંતી, એકલતા, અમેરીકામાં વહુ-દીકરાઓનો થયેલો અનુભવ અને ચાર્લી અને એના ચર્ચના માણસોનો અનુભવ... આ બધું એમના મનમાં ઘોળાયા કરતું હતું.

એક સાંજે પડોશીનો દીકરો દોડતો આવ્યો. કહે, " કમુમાસી..કમુમાસી, તમારો ફોન છે. અમેરીકાથી છે. જલદી ચાલો." દીકરા સુધીર સાથે વાત કરવાના ઉમળકાથી કમળાબહેન જલદી જલદી પડોશીને ત્યાં પહોંચ્યાં. ફોન લીધો , "હલો.."

સામેથી એકદમ પરીચીત અવાજ સંભળાયો.

" હલો..કમુ..હાવ આર યુ? ધીસ ઈઝ ચાર્લી.. રીમેમ્બર?"

થોડી ક્ષણો સુધી તો કમળાબહેન કંઈ બોલી શક્યાં નહીં. આટલે દુર સુધી આ માણસ મને ફોન કરીને મારી કાળજી કરે છે! કમળાબહેને ગળામાં ભરાયેલા ડુમા ઉપર કાબુ મેળવી, જુના દીવસોની સુખદુખની ઘણી વાતો ચાર્લી સાથે કરી.. અને ફોન મુક્યો.

આ ફોન ઉપરની વાતચીતથી એમનાં અંગોમાં જાણે સ્ફુર્તી આવી ગઈ. અત્યાર સુધીની ઉદાસીનતા, નીરાશા અને ચીંતાઓ જાણે હળવી બની ગઈ! પ્રફુલ્લીત મન સાથે એ પોતાને ઘરે ગયાં.

છ-સાત મહીના વીત્યા. અચાનક એક દીવસ મુંબઈથી એમના ગ્રીનકાર્ડ માટેના ઈન્ટરવ્યુનો પત્ર આવ્યો.

એકાદ વર્ષમાં કમળાબહેન ગ્રીનકાર્ડના અધીકારીણી બનીને પાછાં અમેરીકા આવી ગયાં. સુધીરભાઈ અને એમનાં પત્નીને નીરાંત થઈ. હાશ...! ઘર અને બાળકો હવે સારી રીતે સચવાશે. અને પોતે પોતાના સ્ટોર પર વધારે ધ્યાન આપી તેને વીકસાવી શકશે.

દસેક દીવસ કમળાબહેન દીકરાના ઘરમાં રહ્યાં.

" બા, ઉપરનો રુમ હવે કાયમને માટે અમે તમારે માટે ફાળવી દઈએ છીએ. તમને અનુકુળ આવે તેવું થોડું ફરનીચર પણ લાવી દઈશું."

PDF created with pdfFactory trial version www.pdffactory.com

" બેટા, એવું કશું કરવાની જરુર નથી. આવતા અઠવાડીયાથી હવે હું બીજે રહેવા જવાની છું. આ ઘરમાં તારા બાપુજીની દુખદ યાદો બહુ ભરેલી છે. કાલે મને પણ કંઈ થાય તો તમારે માથે પાછી જવાબદારી આવી પડે."

"તમે ક્યાં જશો?" સુધીરભાઈના અવાજમાં આશ્ચર્ય અને અકળામણ રણકી ઉઠ્યાં!

" ચાર્લીની બાજુમાં  એક એપાર્ટમેન્ટ બીલ્ડીંગ છે એમાં એણે મારે માટે એક રુમની વ્યવસ્થા કરી છે. ચર્ચના બાલમંદીરના રસોડામાં મને કામ પણ મળી ગયું છે. હવે તમે મારી જવાબદારીમાંથી છુટા છો. કંઈ જરુર લાગશે તો હું તમને જણાવીશ." આ વ્યવસ્થા સાંભળતાં જ સુધીરભાઈ ખાસ્સા ઝંખવાણા પડી ગયા. એમની જુની માન્યતાના પુતળાને કોઈએ જોરથી તમાચો માર્યો હોય તેવો ભાવ એમના મનમાં જનમ્યો.

બાલમંદીરની ડે-કૅરની નોકરીથી કમળાબહેનની નવી અને સ્વતંત્ર જીંદગી શરુ થઈ. કમળાબહેન દર રવીવારે ચર્ચમાં પણ જતાં . ત્યાં બધા એમનો પ્રેમથી સત્કાર કરતા. જરુર પડ્યે મદદ કરવા પણ સૌ ખડે પગે તૈયાર રહેતા.

આજનો દીવસ એ વીશેષ દીવસ હતો. ચાર્લીએ કમળાબહેન આગળ લગ્નનો પ્રસ્તાવ મુક્યો હતો. બહુ મનોમંથનને અંતે કમળાબહેને " હા " પાડેલી. એ ઠીક ઠીક ખુશ હતાં. એટલે અરીસા સામે પોતાની જાતને જોઈને શરમાતાં હતાં.

કમળાબહેને આ વાત જ્યારે સુધીરભાઈને કરી ત્યારે તે દાવાનળની જેમ ભભુકી ઉઠ્યા; " તમને શરમ આવવી જોઈએ બા,.. આપણે અમેરીકન નથી..આપણો સમાજ શું કહેશે?"

" કયા સમાજની વાત તું કરે છે, દીકરા?" બહુ જ ઠંડા અવાજે કમળાબહેને પુછ્યું. " બેટા, તારા બાપુજી પથારીવશ હતા ત્યરે કયો સમાજ વહારે ધાયો હતો? બેટા, તારો સમાજ તારી પાસે તું રાખ.. હું તો જે કરવાની છું તે કરવાની જ છું." કમળાબહેનના મોં પર તરી આવેલી મક્કમતા અને ખુમારી જોઈને સુધીરભાઈ ડઘાઈ જ ગયા! માતાના આ સ્વરુપનો એમને સ્વપ્નેય ખ્યાલ નહોતો!!

લગ્નમાં હાજર રહેવા કમળાબહેને સુધીરભાઈને બહુ આગ્રહ કર્યો. પણ સુધીરભાઈ કે એમનો નાનો ભાઈ કોઈ હાજર રહ્યું નહીં. મોટી ઉંમરની માનું લગ્ન! એમાં એનાં દીકરાઓ, વહુઓ, ગ્રાંડ ચીલ્ડ્રન પણ જાય! એમના મગજમાં આ વાત જ ઉતરતી નહોતી!

ચાર્લી અને કમળાબહેન સાદાઈથી પરણી ગયાં. બંનેને એકબીજાની હુંફ મળી ગઈ. સુધીરભાઈની બાજુવાળું ઘર વેચી એ બંને જણાં ચર્ચની બાજુમાં રહેવા જતાં રહ્યાં.

દર રવીવારે બંને ચર્ચમાં જાય છે. ત્યાં સન-ડે સ્કુલમાં બાળકોને સાચવે છે. જે અમેરીકન સ્ત્રીઓને શાકાહારી વાનગીઓમાં રસ હોય તેમને તેઓ શીખવે છે. બીજી જે કોઈ પ્રકારની સેવા પોતાનાથી થઈ શકતી હોય તે કરીને સંતોષની જીંદગી જીવે છે.

PDF created with pdfFactory trial version www.pdffactory.com

ગમે તેમ તોય હીંદુ જીવ એટલે કમળાબહેનને કોઈ વાર મંદીરમાં જઈને ભગવાનનાં દર્શન કરવાનું પણ મન થઈ આવે. ચાર્લી એમની એ ઈચ્છા પણ પુરી કરે. એમને મંદીરના પ્રાંગણમાં ઉતારીને આસપાસના સ્ટોરમાં પોતાનું નાનુંમોટું કામ પતાવવા જતો રહેતો. ક્યારેક મંદીરના પાર્કીંગ લૉટમાં, દુરના ખુણે ગાડી પાર્ક કરી, કાંઈક વાંચતો, ગાડીમાં જ બેસી રહેતો. એને ખબર છે કે એ મંદીરમાં જશે તો સુધીરને અને તેના ફેમીલીને નહીં ગમે. કમળાબહેન તો મંદીરમાં ગુસપુસનો વીષય બની જ ગયાં છે. પણ એ તરફ ધ્યાન નહીં આપતાં, ચુપચાપ દર્શન કરીને એ પાછાં ફરતાં.

છેલ્લાં બે વર્ષથી ચાર્લીએ કમળાબહેન સાથે જીવન જોડ્યું હોવા છતાં આજ સુધી એણે કદી એમને ખ્રીસ્તી બનવાની વાત સુધ્ધાં કરી નથી !

દુખની વાત તો એ છે કે ગાડીમાં બેઠેલા ચાર્લી ઉપર મંદીરમાં જતા આવતા ઘણા ભક્તોની નજર પડતી. પણ કોઈ એની ગાડી પાસે જઈ એની સાથે વાત કરવાની પરવા કરતા નહીં. મંદીરમાં આવનાર કોઈ પણ વ્યક્તિને " અતીથી દેવો ભવ"ના ઉમળકાથી આવકારવી જોઈએ એ ભાવના જ જાણે ભુલાઈ ગઈ હતી. ભક્તો તો ઠીક પણ મંદીરના પુજારીએ પણ કદી એવું નથી કહ્યું કે, **"Mr. Johnson, please come in. Let us pray together. Have some Prasad. Feel at home."**

પણ ચાર્લીને આ બાબતે કોઈ અફસોસ નહોતો. હીંદુ ધર્મના એણે કરેલા અભ્યાસ પરથી એ જાણતો હતો કે માત્ર પોતાના જ આત્માના કલ્યાણની અને પરલોકનાં સુખોની વાતો કર્યા કરનારા આ ભક્તો અને પુજારીઓને સમાજના પ્રશ્નોનું કે સમાજમાં દુખી થતી કોઈ વ્યક્તિનું જરા જેટલુંય મહત્ત્વ નથી.

હમણાં એટલું જાણવા મળ્યું છે કે ચાર્લી અને કમળાબહેનનું દામ્પત્ય બહુ જ સુખી છે.

જાણે પાનખરમાં વસંત..!!

卐卐卐

અમેરીકાના નોર્વોક-કેલીફોર્નીયામાં ૨૭ વરસથી રહેતા, શ્રી. આનંદરાવ લીંગાયત સુપ્રતીષ્ઠીત વાર્તાકાર છે. 'ગુંજન'નામનું ગુજરાતી દ્વૈમાસીક પ્રકાશીત કરી સૌ ગુજરાતી પરીવારોને તેઓ, મફ્ત વહેંચે છે. વીદેશમાં રહી ગુર્જરગીરાનો દીપ રોશન રાખનાર સૌ ગુજરાતીપ્રેમીઓને સો સલામ!

માર્ચ-એપ્રીલ, ૨૦૦૪ના 'ગુંજન'માં પ્રકાશીત આ વાર્તા કેલીફોર્નીયા સ્થીત ડૉ. જયંત મહેતાએ લખી છે. સમાજના પ્રશ્નોને, રોચક વાર્તા દ્વારા કલાત્મક રીતે રજુ કરવાનો તેમનો કસબ દાદ દેવા જેવો છે.

'ઘરઘરકી કહાની' જેવી આ વાર્તા સૌને ગમશે. કમુબહેને ભરેલા અંતીમ પગલા વીશે આપણે સંમત થઈએ કે નહીં થઈએ; હવે ભારતમાં પણ આ જ વાસ્તવીકતા છે. વૃદ્ધોની સમસ્યા વીશે સૌ અને વીશેષતઃ સંતાનો સભાન-ઉદારમતવાદી બને તો જ પારીવારીક શાંતી દ્વારા સામાજીક આરોગ્ય સધાશે.

આ દૃષ્ટીબીંદુ ગમે તો વાંચજો, વંચાવજો અને ચર્ચજો.

ઉંઝા જોડણી અને વીજયા-કલાપી ફોન્ટમાં પુનર્લેખનઃ **uttamgajjar@hotmail.com**

PDF created with pdfFactory trial version www.pdffactory.com

PDF created with pdfFactory trial version www.pdffactory.com